ભારતમાં હિન્દુઓની સંખ્યા ઘટી તો કશુ બાકી નહીં રહે : નીતિન પટેલ

અમદાવાદ, ગાંધીનગરમાં ગુજરાતનું પહેલું ભારત માતાના મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. ભારત માતાના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તેમજ ગૃહ મંત્રી પ્રદીપસિંહ જાડેજા અને ફઉઁ અને ઈજીજીના ટોચના નેતાઓ ઉપસ્થિત હતા. જ્યાં નાયબ મુખ્યમંત્રી દ્વારા આપવામાં આવેલું નિવેદન સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યું છે. તેઓએ જણાવ્યું કે, દેશમાં બંધારણ, ધર્મનિરપેક્ષતા અને કાયદાની વાત ત્યાં સુધી જ ચાલશે જ્યાં સુધી હિંદુ બહુસંખ્યક છે. જો હિંદુઓની સંખ્યા ઘટી તો તે દિવસે ના કોઈ કોર્ટ-કચેરી હશે, ના કોઈ કાયદો હશે. ધર્મસભામાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું કે, તમારે વીડિયો ઉતારવો હોય તો ઉતારી લો અને મારા શબ્દો લખીને રાખજો, જ્યાં સુધી આ દેશમાં હિન્દુઓની બહુમતી છે. ત્યાં સુધી જ બંધારણ, ત્યાં સુધી જ કાયદો, ત્યાં સુધી જ બીનસંપ્રદાયીક્તા, આ વાતો કરનારા કરશે, ભગવાન ના કરે અને જો હિન્દુઓની સંખ્યા ઘટી અને બીજા લોકો વધ્યાં, તે દિવસથી કોઈ કોર્ટ-કચેરી નહીં, કોઈ લોકસભા નહીં, કોઈ બંધારણ નહીં. બધુ જ હવામાં અને દફનાયી દેશે. કશુ બાકી નહી રહે. આ તો ઓછા અને લઘુમતીમાં છે. હું બધાની વાત નથી કરી રહ્યો. હજારો મુસ્લિમો દેશભક્ત છે. અને ભારતીય સેનામાં છે. સેકડો મુસ્લિમો ગુજરાત પોલીસમાં છે. નાયબ મંત્રીએ જણાવ્યું કે, હું સ્પષ્ટ કરું કે જો કોઈ હિન્દુ છોકરો કોઈ નિર્દોષ મુસ્લિમ છોકરી સાથે છેડતી કરીને લગ્ન કરે તો આ કાયદો તેને પણ લાગુ પડે છે. તો આ કાયદો કોઈ ખાસ ધર્મ માટે નથી. તમામ લોકો પર લાગુ પડે છે. આ કાયદાને પડકારતી રિટ અરજી એક સંસ્થા દ્વારા દાખલ કરવામાં આવી હતી.

તેમણે કહ્યું કે, હું તે સંસ્થાને પૂછવા માંગુ છું કે જો હિન્દુ દીકરીઓ હિન્દુ સાથે લગ્ન કરે, મુસ્લિમ દીકરીઓ મુસ્લિમ સાથે લગ્ન કરે, ખ્રિસ્તી દીકરીઓ ખ્રિસ્તીઓ સાથે લગ્ન કરે. જો શીખ દીકરીઓ શીખ સાથે લગ્ન કરે છે તો તેમને વાંધો શું છે. તેઓએ વધુમાં જણાવ્યું કે, મેં નક્કી કર્યું છે કે, સમગ્ર રાજ્યમાં જ્યાં પણ નવા બ્રિજ બનશે. મોટા હાઈવે બનશે. ૪ લેન બનશે. સીક્સ લેન બનશે. એ તમામ જગ્યા પર ભારતમાતાની પધરામણી કરવાની છે. આ માટે આપણે બધાએ ભેગા મળીને કામ કરવાનું રહેશે. એક મંદિર બનાવવાથી કઈ નહીં થાય. આપણે બધા ભેગા થઈ એક અવાજે ભારત માતા કી જય બોલીએ તો જેના હાથમાં ગમે એવી છદ્ધ૪૭ હોય, પણ આપણા અવાજથી જ એ ધ્રુજી જાય. આ પ્રસંગે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તેમજ ગૃહ મંત્રી પ્રદીપસિંહ જાડેજા અને ફઉઁ અને ઈજીજીના ટોચના નેતાઓ ઉપસ્થિત હતા. જ્યાં નાયબ મુખ્યમંત્રી દ્વારા આપવામાં આવેલું નિવેદન સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યું છે.

અમદાવાદના દહેજ ભૂખ્યા પતિનો પત્નીને ટોણો

તું પણ આઈશાની જેમ વીડિયો બનાવ અને આપઘાત કરી લે' : પતિ

અમદાવાદ

અમદાવાદ શહેરમાં આઈશા નામની પરિણીતાએ થોડા મહિનાઓ પહેલાં સાબરમતી રિવરફ્રન્ટ પર લાગણીસભર વીડિયો બનાવીને આપઘાત કરી લીધો હતો. આ ઘટના દેશના ખૂણે ખૂણે ચર્ચાઈ હતી. હજી લોકો આ ઘટનાને ભૂલ્યા નથી. ત્યારે શહેરના શાહપુર વિસ્તારમાં રહેતી પરિણીતાને તેના પતિ અને સાસરિયાંએ કહ્યું હતું કે તું પણ આઈશાની જેમ વીડિયો બનાવીને આપઘાત કરી લે.

પરિણીતાએ દહેજ ભૂખ્યા સાસરિયાં સામે ફરિયાદ નોંધાવી છે.પ્રાપ્ત વિગતો પ્રમાણે, અમદાવાદ શહેરના શાહપુર પોલીસ સ્ટેશનમાં પરવીન (નામ બદલ્યું છે)ના લગ્ન સમાજના રીતરિવાજ મુજબ કાસમ (નામ બદલ્યું છે) સાથે થયા હતા. લગ્ન બાદ પરવીન સાસરે ગઈ ત્યારથી તેને વધુ ભણેલી હોવાથી નોકરી કરવા માટે સતત દબાણ કરવામાં આવતું હતું. પરણીને સાસરીમાં ગયા બાદ પરવીન જેમતેમ કરીને પોતાના દિવસો કાઢતી હતી. જ્યારે ઘરમાં કોઈ ના હોય ત્યારે પણ વધારાના કામ કાઢીને પરવીન પાસે કરાવવામાં આવતાં હતાં. તેની પાસે સતત દહેજ માટે પણ દબાણ કરવામાં આવતું હતું.પરવીન સાસરિયાં અને પતિના સતત ત્રાસને કારણે કંટાળી ગઈ હતી. તેણે પિયરમાં પોતાની સાથે થઈ રહેલા અત્યાચાર અંગે વાત કરી હતી. દહેજ ભૂખ્યા સાસરિયાં તથા નજીકનાં સ્વજનો પણ પરવીન સામે શંકાની નજરથી જોતાં હતાં. ઘરમાં વધી રહેલા ઝગડાને કારણે કાસમે પરવીનને કહી દીધું હતું કે આયેશા જેવો વીડિયો બનાવ અને આપઘાત કરી લે. પતિના આ શબ્દો સાંભળીને પરવીન હચમચી ગઈ હતી. બાદમા તે પિયરમા રહેવા ગઈ હતી.સાસરિયાં અને પિતાના સતત માનસિક અને શારીરિક ત્રાસને કારણે આખરે પરવીને શાહપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેણે ફરિયાદમાં સાસરિયાં અને પતિ સતત રૂપિયા માટે દબાણ કરતાં હોવાની વાતનો ઉલ્લેખ કર્યો છે. એ ઉપરાંત તેણે ફરિયાદમાં એવું પણ લખાવ્યું છે કે તેના પતિએ તેને હેરાન કરવામાં તમામ પ્રકારની હદ વટાવી દીધી છે. પતિએ એટલે સુધી કહી દીધું હતું કે હવે તું આઈશાની જેમ વીડિયો બનાવીને આપઘાત કરી લે. પરવીનની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.આઈશા આરીફા નામની યુવતીએ સાબરમતીમાં ઝંપલાવી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ હતી. તેણે "એ પ્યારી સી નદી કો પ્રે કરતે હૈ કી વો મુજે અપને આપ મેં સમા લે" આ શબ્દો બોલી અને પતિના ત્રાસ છતાં તેના વિશે પ્રેમના શબ્દો બોલી હસતાં હસતાં દર્દ છુપાવતો વીડિયો બનાવી અમદાવાદના વટવામાં એક પરિણીતાએ સાબરમતી નદીમાં કૂદી આપઘાત કરી લીધો હતો. નદીમાં કૂદતાં પહેલાં તેણે પતિને ફોન કર્યો હતો અને મરી જવાની વાત કરી હતી. જિંદગીના અંત પહેલાં એક વીડિયો બનાવ્યો હતો. પતિના ત્રાસના કારણે આઈશાએ સાબરમતિ નદીમાં ઝંપલાવીને આપઘાત કરી લીધો હતો. આ ઘટનનાના પડઘા સમગ્ર દેશમાં પડ્યાં હતાં.

જિલ્લાના આઠ પીઆઈની જાહેર હિતમાં બદલી

જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા, LCB, SOG પીઆઈ પણ બદલાયા

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લા પોલીસ વડાએ ગંજીફો ચીપીને જિલ્લાના આઠ પીઆઈની જાહેર હિતમાં બદલી કરી દેવામાં આવી છે. ત્યારે ન્ઝ્રમ્ પીઆઈ જયેશ વાઘેલાને ન્હ્વ તેમજ અડાલજ પીઆઈ જે. એચ. સિંધવને ન્ઝ્રમ્ માં બદલી કરી દેવામાં આવી છે. જિલ્લાના આઠ પીઆઈની સાથે જિલ્લાની મહત્ત્વની જગ્યા ગણાતી લોકલ ક્રાઈમ બ્રાંચ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના ઈન્સ્પેક્ટરોની પણ બદલી પોલીસ વડા દ્વારા કરી દેવામાં આવી છે.ત્યારે ઉલ્લેખનીય છે કે ન્ઝ્રમ્ પીઆઈ જયેશ વાઘેલા નાદુરસ્ત તબિયતના કારણે હમણાં જ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયા છે. ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની બદલીનાં ભણકારા વાગી રહ્યા છે એવામાં અચાનક જ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ જિલ્લાના આઠ પીઆઈની જાહેર હિતમાં બદલી કરી દેવામાં આવી છે. જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા થોડા દિવસ રજા ઉપર જતા પોલીસ બેડામાં કાંઈ નવા જુની થવાના એંધાણ વર્તાઈ રહ્યા હતા.ત્યારે આજે પોલીસ વડા મયુર ચાવડાએ જિલ્લાના આઠ પીઆઈની સાથે જિલ્લા પોલીસ વડાનું મહત્ત્વનું અંગ ગણાતી લોકલ ક્રાઈમ બ્રાંચ તેમજ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપમાં પણ ફેરફાર કરી દેવામાં આવ્યો છે. જેમાં ન્ઝ્રમ્ - ૧ પીઆઈ જયેશ વાઘેલાને ન્હ્વ માં બદલી કરાઈ છે. જેમની જગ્યાએ LCB - 2 પીઆઈ એચ પી ઝાલા ને નિમણૂક આપવામાં આવી છે.જયારે ન્ઝ્રમ્ - ૨ ની ખાલી પડેલી જગ્યા પર અડાલજ પોલીસ મથકના પીઆઈ જે એચ સિંધવ ની બદલી કરવામાં આવી છે. તેમજ અડાલજ પીઆઈ તરીકે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપનાં પીઆઈ ડી .બી. વાળાને મૂકવામાં આવ્યા છે. જેમના સ્થાને સેક્ટર ૭ પીઆઈ સચિન પવારને નિમણૂક આપવામાં આવી છે.એજ રીતે ૈંન્મ્ પીઆઈ ડી. એસ. ચૌધરીને સેક્ટર ૭ પીઆઈ તરીકે નિમણૂક અપાઈ છે. જયારે કલોલ શહેર પોલીસ મથકના પીઆઈ ઓ. બી. મજગુલને પણ બદલી દેવામાં આવ્યા છે. જેમને કંટ્રોલ રૂમમાં તેમજ કંટ્રોલ રૂમના પીઆઈ જે. બી. પંડિત ને કલોલ શહેર પોલીસ મથકમાં નિમણૂક કરવામાં આવી છ. આમ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ મહત્ત્વની ગણાતી લોકલ ક્રાઈમ બ્રાંચ તેમજ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના પીઆઈની પણ જાહેર હિતમાં બદલીઓ કરી દેવામાં આવી છે.

પર્યાવણની સુરક્ષા માટે દરેક પરિવારે દર વર્ષે ખર્ચ કરવાની ટેવ વિકસાવવી પડશે

ગાંધીનગર, કચરો લઈ જવા અને તેમાં પણ ભીનો અને સૂકો કચરો અલગ રાખવા માટે એક કવાયત થઈ રહી છે તે દરમિયાન કોર્પોરેશન વિસ્તારમાં ભીના-સૂકા કચરા માટે એક તરફ શહેર વસાહત મહાસંઘ નાગરિકોને ડસ્ટબીન મળે તે માટે તંત્ર સામે લડત ચલાવી રહ્યું છે. કચરાના કમઠાણમાં રાજકારણ પણ ભળ્યું છે ત્યારે હવે કેટલા પ્રબુદ્ધ નાગરિકો કોર્પોરેશનના નિર્ણયના સમર્થનમાં આગળ આવ્યા છે. પૂર્વ ગૃહમંત્રી અને પાટનગરના નાગરિક મહેન્દ્ર ત્રિવેદીએ કચરો અલગ કરીને આપવા માટે જાહેર અપીલ કરી છે. તેમણે અપીલ કરતાં કહ્યું છે કે 'વિશ્વમાં પ્રકૃતિ જે પ્રકારે તેનું રૌદ્ર સ્વરૂપ બતાવી રહી છે. તેવા સંજોગોમાં ધરતી પર હવે એક નાનકડું પ્લાસ્ટિક નાખવા માટે પણ આપણે નિમિત્ત ન બનીએ, એ આપણા સૌના અસ્તિત્વ માટે જરૂરી છે.પ્રકૃતિને થનારાં નુકસાનથી આવનારાં વર્ષો આપણા અને ભવિષ્યની પેઢીના અસ્તિત્વને જોખમમાં મૂકશે. આથી પ્રબુદ્ધ નાગરિકો માને છે કે માત્ર ૧૫૦ રૂપિયાની એક કચરાપેટી નહી પરંતુ પર્યાવણની સુરક્ષા માટે દરેક પરિવારે દર વર્ષે ખર્ચ કરવાની ટેવ વિકસાવવી પડશે.'અપીલમાં વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બૂચ, એન. પી. પટેલ, પ્રજ્ઞાબહેન પટેલ, અનિલ પટેલ, સંજય થોરાત, ભાનુપ્રસાદ પુરાણી, ડંકેશ ઓઝા, ડૉ. ચેતના બૂચ, રમેશ પટેલ, દિનેશસિંહ ચાવડા, અશોક ત્રિવેદી, વિક્રમ જાની, જશવંત ગાંધી, જીલુભા ધાંધલ સહિતના ૨૫ જેટલા નાગરિકોએ ટેકો જાહેર કર્યો હોવાનું મહેન્દ્રભાઈ ત્રિવેદીએ કહ્યું હતું.વસાહત મહાસંઘના કેશરીસિંહ બિહાલોએ કહ્યું હતું કે 'પોતાની જાતને પ્રબુદ્ધ નાગરિક ગણાવતા ગણ્યા-ગાંઠ્યા લોકો સત્તાધીશોનાં પ્યાદાં બની ગયાં છે. તેઓ વસાહતીઓને ડસ્ટબીનની માંગણી માટે ગેરમાર્ગે દોરીને ડસ્ટબીન વિના કચરો અલગ આપવા અપીલ કરી છે. પર્યાવરણ જાળવણી અને શહેરમાં સ્વચ્છતા જાળવવા માટે નાગરિકો તૈયાર છે. પરંતુ પહેલાં ડસ્ટબીન અપાય પછી જ નાગરિકો ભીનો-સૂકો કચરો અલગ કરવા વસાહતીઓ સંમત થશે.'આ અંગે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બૂચે કહ્યું હતું કે, 'સમગ્ર મુદ્દે મેં ડેપ્યુટી સીએમ નીતિન પટેલ અને મંત્રી કૌશિક પટેલને લેખિત રજૂઆત કરી છે. જેમાં આ મુદ્દાનો ઉકેલ લાવવા માટે મધ્યસ્થી કરવા વિનંતી કરી છે. સ્વચ્છતા-પર્યાવરણ માટે નાગરિકો અલગ કચરો આપે તો જરૂરી છે. સામે તંત્ર પણ વિકાસના નામે કરોડો ખર્ચ કરે છે તો ડસ્ટબીન આપવામાં શો વાંધો છે.'શહેરમાં કચરો જુદો કરનારા લોકોની સંખ્યામાં વધારો થતાં શુક્રવારે રોજ કરતાં ત્રણેક ટન વધુ ૩૩ ટન કચરો એકઠો કરાયો હતો. આમ છતાં ૮૦થી૯૦ ટકા જેટલો કચરો હાલ પણ ઉપાડાતો નથી. જેને પગલે અનેક સ્થળે હાલ પણ છેલ્લા પાંચેક દિવસથી કચરો પડી રહ્યો છે. જેને પગલે અનેક વિસ્તારમાં લોકોએ હવે રસ્તા અને જાહેર સ્થળો પર કચરાનો નિકાલ શરૂ કરી દીધો છે. જેને પગલે આગામી સમયે જાહેર સ્થળો પર આગામી સમયે કચરોના ઢગ જોવા મળે તો નવાય નહીં. પાંચેક દિવસથી ૨૯થી ૩૧ ટન જેટલો કચરો ઉઠાવાયા છે. શુક્રવારે તેમાં થોડા વધારો થતાં ૩૩ ટન જેટલો કચરો લેવાયો હતો

વિસનગરમાં મોડી સાંજે વીજળી પડતા બેના મોત

મહેસાણા, વિસનગર તાલુકા માં આવેલ ગણપતપુરા ગામ માં સોમવારે મોડી સાંજે વરસાદી માહોલ જામ્યો હતો, તે દરમિયાન વિજળી પડતા ૨ ના મોત થયા હોવાની માહીતી પ્રાપ્ત થઈ છે. ગણપતપુરા ગામ ની સીમ માં એક મહિલા અને એક યુવાન પર વીજળી પડતા ઘટના ઘટના સ્થળે મોત નીપજ્યું હતું જોકે બને મૃતકો ને પોસ્ટમોર્ટમ માટે મહેસાણા સિવિલ લાવામાં આવ્યા હતામહેસાણા જિલ્લા માં ગઈ કાલ બપોરેથી વાતાવરણ માં એકાએક પલટો થતા ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. જોકે આવા વરસાદી માહોલ વચ્ચે જિલ્લા ના વિસનગર તાલુકા માં આવેલા ગણપત પુરા ગામ માં દુઃખદ ઘટના ઘટી હતી. જે અંગે મળતી માહિતી પ્રમાણે ગણપત પુરા ગામ માં આવેલી સીમ માં એક મહિલા અને એક યુવાન પર વીજળી પડતા બને ના ઘટના સ્થળે મોત નીપજ્યા હતા સમગ્ર ઘટના માં મહિલા અને યુવાન સાંજ ના સમયે ખેતર માં ઘાસ ચારો લેવા ગયા હતા એ દરમિયાન એકાએક વીજળી પડતા બને ના ઘટના સ્થળે મોત નિપજતા ગામ માં શોક નું મોજું ફળી વળ્યું છે આ ઘટના માં ઠાકોર સુખીબેન તલાજી અને ૧૭ વર્ષીય ઠાકોર નાગજી રમેશજી નું મોત થયા હોવાની વિગતો બહાર આવી છેજોકે સ્થાનિકો ને જાણ થતાં વિસનગર તાલુકા પોલીસ ને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી.

ધોળાકુવા પાસે ૨૫ વર્ષીય યુવાનનો ગળે ફાંસો ખાઈ આપઘાત

ગાંધીનગર, ગાંધીનગરના ધોળાકૂવા ગામે મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત મજૂરો તેમજ સિક્યુરિટી જવાનો માટે વસાહત ઉભી કરવામાં આવી છે. ગાંધીનગરના ધોળાકુવા મેટ્રો રેલ પ્રોજેક્ટની વસાહતમાં રહી સિક્યુરિટી તરીકે ફરજ બજાવતા ૨૫ વર્ષિય યુવાને કોઈ અગમ્ય કારણોસર ઓરડીમાં દુપટ્ટા વડે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા ઈન્ફોસિટી પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી છે. અત્રેની વસાહતમાં મૂળ કલોલ સઈજ નાં વતની કાનજીભાઈ રાવળ પોતાની પત્ની તેમજ સંતાનો સાથે રહે છે.જ્યારે કાનજી ભાઈ તેમજ તેમનો પુત્ર ધર્મેશ મેટ્રો રેલ પ્રોજેક્ટ હેઠળ કાર્યરત માર્શલ સિક્યુરીટીમાં ચોકીદાર તરીકે ફરજ બજાવે છે. ૨૫ વર્ષીય ધર્મેશ પણ તેની પત્ની સાથે અહીંની ઓરડીમાં રહેતો હતો.થોડા દિવસો અગાઉ ધર્મેશની પત્ની બીમાર પડતાં તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી જ્યાં તેને ડેન્ગ્યુ હોવાનું નિદાન થતાં દાખલ કરવામાં આવી હતી. બાદમાં તેની પત્ની ઠીક થઈ જતાં ચારેક દિવસથી તે ગામડે રહેવા જતી રહી હતી.ગઈકાલે ધર્મેશ તેની ઓરડીમાં સૂઈ ગયો હતો અને તેના પિતા માતા બાજુની ઓરડીમાં સૂઈ ગયા હતા. નિત્યક્રમ મુજબ વહેલો ઊઠી જતો ધર્મેશ આજે ઓરડી માંથી બહાર ન આવતાં તેના પિતાએ ઓરડીમાં તપાસ કરી હતી. જ્યાં ધર્મેશને દુપટ્ટા વડે ગળેફાંસો ખાધેલ હાલતમાં લટકતો જોઈ કાનજીભાઈ રાવળ ફસાડાઈ પડ્યા હતા. જેમણે બૂમાબૂમ કરી મુકતા આસપાસનાં અન્ય વસાહતીઓ પણ દોડી આવ્યા હતા. બનાવની જાણ થતાં ઈન્ફોસિટી પોલીસ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી અને લાશનું પોસ્ટમોર્ટમ તેમજ પંચનામાની કામગીરી આરંભી હતી. હાલમાં ધર્મેશ રાવળે ક્યાં કારણોસર આપઘાત કર્યો તેનું ચોક્કસ કારણ જાણવા પોલીસે પરિવારજનો ની પૂછતાંછ શરૂ કરી છે

શ્રીરામ સિટી યુનિયન ફાયનાન્સ લીમીટેડ

SHRIRAM City
MONEY WHEN YOU NEED IT MOST

માંગણા નોટીસ

રજીસ્ટર્ડ ઓફીસ : ઓફીસ નં. ૧૨૩, અંગપ્પા નાઇકન સ્ટ્રીટ, ચેન્નાઇ-૬૦૦૦૦૧
શાખા ઓફીસ : ઓફીસ નં. ૪૦૩-૪૦૪, ચોથો માળ, થર્ડ આઇ બિલ્ડીંગ, હોટેલ રેડિસન બ્લુ, પંચવટી ક્રોસ રોડ, સી.જી. રોડ, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૦૯
વેબસાઇટ : www.shriramcity.in

જણાવાનું કે નીચે જણાવેલ દેવાદારો/સહ-દેવાદારો/જામીનદારોએ શ્રીરામ સિટી યુનિયન ફાયનાન્સ લીમીટેડ પાસેથી નાણાંકિય સહાય મેળવી હતી. અમે કહીએ છીએ કે નાણાંકિય સહાય લીધી હોવા છતાં, દેવાદારો/જામીનદારોએ નિશ્ચિત તારીખોએ વ્યાજ અને મુળ રકમ ચુકવવામાં કસુર કર્યો છે. રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા જારી કરાયેલ દિશાનિર્દેશો/માર્ગદર્શિકા મુજબ એકાઉન્ટને નોન પરફોમિંગ એસેટ તરીકે વર્ગીકૃત કર્યુ છે. આથી શ્રીરામ સીટી યુનિયન ફાયનાન્સ લીમીટેડના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩ સાથે વંચાતી કલમ ૧૩(૨) હેઠળ પ્રાપ્ત સત્તાનો ઉપયોગ કરીને સરફૈસી કાયદાની કલમ ૧૩(૨) હેઠળ નીચે જણાવેલ તારીખોએ માંગણા નોટીસો જારી કરી નીચેના દેવાદાર(રો)/ગીરવેદારો ને નોટીસોમાં જણાવેલ રકમ નોટીસમાં જણાવેલ રકમ પર કરારના દરે વધારાના વ્યાજ અને આકસ્મિક ખર્ચ, કોસ્ટ, ચાર્જ વગેરે સહીત નોટીસો મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર ચુકવવા જણાવ્યું હતું. તેમને તેમના છેલા સરનામા પર જારી કરાયેલ નોટીસો બજવણી વગર પરત ફરી હતી અને આથી તેની જાહેર નોટીસના માર્ગે જાણ કરવામાં આવે છે.
દેવાદારો/મોર્ગેજર્સનું કાયદાની કલમ ૧૩ની પેટાકલમ (૮)ની જોગવાઇઓ સામે સિક્યોર્ડ એસેટ્સ પરત મેળવવા માટે ઉપલબ્ધ સમય અંગે ધ્યાન ખેંચવામાં આવે છે.

દેવાદાર(રો) / સહ-દેવાદાર(રો) નું નામ	બાકી રકમ	લોનની રકમ	સિક્યોર્ડ મિલકતોનું સરનામું
Loan A/c No. CDAH1TF2103050002 ૧) જય ગણેશ પ્લાય ઇન્ડસ્ટ્રીઝ (ભાગીદાર: પરેશકુમાર શામજીભાઇ પટેલ) ૧૪, શોપ પવન એપાર્ટમેન્ટ, મુનશી કંપાઉન્ડ, સતનામ વેટિ બ્રીજ સામે, નરોડા રોડ, અમદાવાદ - ૩૮૨૩૩૦ ૨) પરેશકુમાર શામજીભાઇ પટેલ એ-૫૨ મહીપત બંગલો, નવયુગ વિદ્યાલય પાસે, નરોડા, અમદાવાદ - ૩૮૨૩૩૦ ૩) દિનેશકુમાર શિવજીભાઇ પટેલ એ-૪૩, મહીપત બંગલો, મ્યુનિસિપલ ગાર્ડન પાસે, નરોડા, અમદાવાદ - ૩૮૨૩૩૦ ૪) રજનીકાંત શામજીભાઇ પટેલ એ-૫૨ મહીપત બંગલો, નવયુગ વિદ્યાલય પાસે, નરોડા, અમદાવાદ - ૩૮૨૩૩૦ ૫) ઉમિયા વિજય સો મીલ (માલકિ શામજીભાઇ શિવજીભાઇ પટેલ) પ્લોટ નં. ૫૧૭/૨, મારુતિ વે બ્રીજ શ્યામ શિખપ ફ્લેટ, નરોડા, અમદાવાદ - ૩૮૦૦૨૪ ૬) શામજીભાઇ શિવજીભાઇ પટેલ એ-૫૨ મહીપત બંગલો, નવયુગ વિદ્યાલય પાસે, નરોડા, અમદાવાદ - ૩૮૨૩૩૦ એનપીએ તારીખ : ૦૪.૦૭.૨૦૨૧ માંગણા નોટીસની તારીખ : ૨૩.૦૮.૨૦૨૧	રૂા. ૩,૦૦,૪૬,૮૭૬/- (રૂપિયા ત્રણ કરોડ છૈત્તાલીસ હજાર આઠસો છૌતેર પુરા)	રૂા. ૩,૦૦,૦૦,૦૦૦/-	મિલકતોની સૂચિ નવો બ્લોક સર્વે નં. ૩૨, જેનું માપ ૪૫૪૫ ચો.મી. છે (ઓલ્ડ બ્લોક/સર્વે નં.૪ જેનું માપ ૭૪૮૦ ચો.મી. છે) તેવા જાહેર કરાયેલ એનએ જમીનના અને નવા જાહેર કરેલ બ્લોક સર્વે નં. ૩૪ જેનું માપ ૭૨૪૦ ચો.મી. છે (ઓલ્ડ બ્લોક/ સર્વે નં. ૫/૨ જેનું માપ ૭૬૧૧ ચો.મી. છે)તને દરેક પીસ અને પાર્સલ, મોજે દેવકર્ણ મુવાડા તાલુકો દહેગામ જિલો ગાંધીનગર ગુજરાત રાજ્ય જેની ચતુ:સીમા નીચે પ્રમાણે છે. બ્લોક/સર્વે નં. ૪ પૂર્વ: ડામર રોડ પશ્ચિમ: પતાજી રમતાજીની જમીન ઉત્તર: કાચુ નળીયુ દક્ષિણ: સર્વે નં. ૫/૧ અને ૫/૨ બ્લોક/સર્વે નં. ૫/૧ અને ૫/૨ પૂર્વ: ડામર રોડ પશ્ચિમ: સોમશી મોહંજીની જમીન ઉત્તર: સર્વે નં. ૪ની જમીન દક્ષિણ: ગોકુલધામનો આરસીસી રોડ

સદરહું સંજોગોવસાત, આથી ઉપરોક્ત દેવાદારો, સહ-દેવાદારો અને/અથવા તેમના જામીનદારો (લાગુ હોય ત્યાં) ને આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી ૬૦ દિવસની અંદર ઉપર જણાવેલ બાકી રકમ તેના પરના ચડત વ્યાજ અને લાગુ ચાર્જ સહીત ચુકવવા જણાવવામાં આવે છે, જેમાં નિષ્ફળ જતાં નોટીસની તારીખથી ૬૦ દિવસ પુરા થયા પછી સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૪) અને તે હેઠળ લાગુ નિયમો મુજબ દેવાદારો અને ગીરવેદારોની સિક્યોર્ડ એસેટોનો કબજો લેવા સહીતના અન્ય પગલાં લેવામાં આવશે.
નોંધ લેવી કે જણાવેલ એક્ટની કલમ ૧૩(૧૩) હેઠળ દેવાદાર સિક્યોર્ડ લેણદારીની આગોતરી લેખીત મંજુરી વગર નોટીસમાં દર્શાવેલ તેની કોઇપણ સિક્યોર્ડ એસેટોને વેચાણ, ભાડે અથવા અન્ય રીતે તબદીલ કરી શકશે નહી.

સ્થળ : અમદાવાદ — સહી/- અધિકૃત અધિકારી
તારીખ : ૦૨.૦૯.૨૦૨૧ — શ્રીરામ સિટી યુનિયન ફાયનાન્સ લીમીટેડ

પશ્ચિમ રેલવે
સર્વે અને બાંધકામ
ઈ-ટેન્ડર સૂચના
ગાંધીધામ ફ્રેઈટ યાર્ડ રિ-મોડેલીંગ કામ

ઈ-ટેન્ડર નોટીસ નં. Dy. CE(C)V/ADI/GIM Yard/01 (NIT) તારીખ : 25/08/2021 ભારતના રાષ્ટ્રપતિ વતી અને માટે ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ) V, શહેર કોટડા પોલિસ સ્ટેશન પાસે, સરસપુર, પો. રેલવેપુરા, પશ્ચિમ રેલવે, અમદાવાદ-380002 નીચેના કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **(1) ઈ-ટેન્ડર નં. : Dy. CE(C)V/ ADI/GIM Yard/01 (2) કામનું નામ:** ગાંધીધામ ફ્રેઈટ યાર્ડ રિ-મોડેલીંગ કામ : ગાંધીધામ યાર્ડમાં 'ગાંધીધામ ફ્રેઈટ યાર્ડ રિમોડેલીંગ' કામોના સંદર્ભમાં ટેન્ડર ડોક્યુમેન્ટમાં દર્શાવ્યા પ્રમાણે કામોના કાર્યક્ષેત્ર સહિત પી.વે કાર્યો, અર્થ કાર્યો, આરસીસીસ પાઈપ્સ સહિત માઈનોર બ્રિજીસનું વિસ્તરણ, આરસીસી બોક્સીસ જેવા કામોનું કાર્યપાલન, વિભિન્ન માળખાઓ/ બિલ્ડીંગ્સ, રોડ/પાથ વેઝનું બાંધકામ અને વિવિધ એન્જિનિયરીંગ, સિગ્નલીંગ અને ટેલિકોમ, ઈલેક્ટ્રિકલ અને ટીઆરડી કાર્યો સમાવિષ્ટ કરતા અન્ય આકસ્મિક/સંબંધિત કામ. **(3) કામની અંદાજીત કિંમત :** ₹ 51,43,13,917.98 **(4) અર્નેસ્ટ મની:** શૂન્ય **(5) પૂર્ણ કરવાનો સમયગાળો :** 15 (પંદર) મહિના (ચોમાસાની સીઝન સહિત). **(6) બીડ જમા કરાવવાનું બંધ થવાની તારીખ અને સમય (i) બંધ થવાની તારીખ અને સમય :** 17.09.2021 ના 12.00 કલાકે **(7) વેબસાઈટની વિગતો અને નોટિસ બોર્ડનું સ્થળ કે જ્યાં ટેન્ડરની વિગતો જોઈ શકાશે તેમજ ઓફિસનું સરનામુ: વેબસાઈટ: www.ireps.gov.in** ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ) Vની કચેરી, શહેર કોટડા પોલિસ સ્ટેશન પાસે, સરસપુર, પો. રેલવેપુરા, પશ્ચિમ રેલવે, અમદાવાદ-380002, **ટેલિફોન નં.** 079-22921510 25

અમને લાઇક કરો: facebook.com/WesternRly

કિન્ટેક રીન્યુએબલ્સ લિમિટેડ

Kintech Renewables

કોર્પોરેટ ઓળખ સંખ્યા : L40105GJ1985PLC013254
રજિસ્ટર્ડ ઓફિસ : કિન્ટેક હાઉસ, ૮, શિવાલિક પ્લાઝા, એ.એમ.એ.ની સામે, આઇ.આઇ.એમ.રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫, ગુજરાત.
ટેલિ. (૦૭૯)૨૬૩૦૩૦૬૪, વેબસાઇટ : cs@kintechrenewables.com, ઇ-મેઇલ : cs@kintechrenewables.com

૩૬મી વાર્ષિક સામાન્ય સભા, બુક બંધ, રેકોર્ડ તારીખ અને ઈ-વોટિંગ માહિતી અંગેની નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે કિન્ટેક રીન્યુએબલ્સ લિમિટેડ (કંપની)ના સભ્યોની ૩૬મી વાર્ષિક સામાન્ય સભા (AGM) ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧ ને મંગળવારના રોજ સવારે૧૧:૦૦ વાગે ટુ-વે વીડિઓ સંગઠન (''વીસી'') અથવા અન્ય ઓડિયો વિઝ્યુઅલ મીન્સ (ઓવીએમ) દ્વારા યોજવામાં આવશે કે જેમાં વાર્ષિક સામાન્ય સભા ની જાણ કરતી નોટિસ તારીખ૧૪ ઑગસ્ટ, ૨૦૨૧માં જણાવેલ કામકાજો અંતર્ગત રાખવામાં આવેલ છે.
હાલના સતત કોવિડ - ૧૯ દેશવ્યાપી રોગચાળાને ધ્યાનમાં રાખીને, ભારત સરકાર, કોર્પોરેટ બાબતોના મંત્રાલયે તેના પરિપત્ર નંબર ૧૪/૨૦૨૦, તા. ૦૮ એપ્રિલ, ૨૦૨૦, પરિપત્ર નં. ૧૭/૨૦૨૦, તા.૧૩ એપ્રિલ, ૨૦૨૦, પરિપત્ર નં.૨૦/૨૦૨૦, તા. ૦૫ મે ૨૦૨૦, સામાન્ય પરિપત્ર નંબર ૦૨/૨૦૨૧, તા.૧૩ જાન્યુઆરી, ૨૦૨૧ અને સેબીના પરિપત્ર તા. ૧૨ મે, ૨૦૨૦, તા. ૧૫ જાન્યુઆરી, ૨૦૨૧ ("પરિપત્રો") માં AGM કોઈપણ સભ્યોની ભૌતિક હાજરી વગર વીડિઓ સંગઠન (''વીસી'') અથવા અન્ય ઓડિયો વિઝ્યુઅલ મીન્સ (''ઓવીએમી'') દ્વારા યોજવાની મંજૂરી આપી છે. પરિપત્રો અનુસાર, વાર્ષિક અહેવાલ૨૦૨૦-૨૧સાથે ઈ-વોટિંગ અંગેના સૂચનો અને AGM ની સૂચના ફક્ત એવા સભ્યોને ઈ-મેલ દ્વારા તા.૦૧સપ્ટેમ્બર, ૨૦૨૧એ મોકલવામાં આવ્યા છે કે જેમના ઈ-મેઈલ સરનામાંઓ ડિપોઝિટરીઝ / કંપનીમાં નોંધાયેલ છે. AGMની નોટિસ અને વાર્ષિક અહેવાલ ૨૦૨૦/૨૧ કંપનીની વેબસાઈટ એટલે કે. www.kintechrenewables.com, સ્ટોક એક્સચેંજની વેબસાઈટ એટલે કે www.bseindia.com અને સીડીએસએલ ની વેબસાઈટ એટલે કે www.evotingindia.com પર પણ ઉપલબ્ધ છે.
કંપનીના સભ્યોના રજીસ્ટર તથા શેર ટ્રાન્સફર બુક વાર્ષિક સામાન્ય સભાના હેતુ માટે અને અંતિમ ડિવિડન્ડની ચુકવણી જાહેર કરવા માટે બુધવાર, તા.૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૧ થી મંગળવારે, ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧ સુધી (બંને દિવસ સહિત)ના કામકાજ અંતર્ગત બંધ રહેશે. સભ્યો નોંધ કરી શકે છે કે નાણાં અધિનિયમ, ૨૦૨૦ દ્વારા સુધારેલ આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ના આદેશ અંતર્ગત ૦૧ એપ્રિલ, ૨૦૨૦ પછી કંપની દ્વારા ચૂકવવામાં આવેલા અથવા વહેંચાયેલા ડિવિડન્ડ શેરધારકોના હાથમાં કરપાત્ર રહેશે. આથી કંપનીએ અંતિમ ડિવિડન્ડ જાહેર કરતી વખતે ડિવિડન્ડ ઉપર TDS કાપવો જરૂરી રહેશે. કંપનીને લાગુ પડતા યોગ્ય ટીડીએસ દર નક્કી કરવા માટે, સભ્યોને આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અનુસાર દસ્તાવેજો રજૂ કરવાની વિનંતી કરવામાં આવે છે.
અંતિમ ડિવિડન્ડ માટે સભ્યોની ઉમેદવારી નક્કી કરવાના હેતુ માટે રેકોર્ડ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૧ (મંગળવાર) છે. બોર્ડ દ્વારા ભલામણ મુજબ જણાવેલ અંતિમ ડિવિડન્ડ, જો AGM માં જાહેર કરવામાં આવે, તો ઘોષણાની તારીખથી ૩૦ (ત્રીસ દિવસ) ના સમયગાળામાં ચૂકવવામાં આવશે.
કંપનીના અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૦૮ મુજબ અને એની સાથે વંચાતા નિયમ ૨૦ના કંપનીસ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) રૂલ્સ, ૨૦૧૪ના અને રેગ્યુલેશન ૪૪ના સેબી (એલઓડીઆર) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના મુજબ કંપની તેના સભ્યોને તેમના મત આપવા માટે 'રિમોટ ઈ-વોટિંગ' દ્વારા નોટિસમાં દર્શાવેલ તમામ ઠરાવો પર તેમની પસંદગી અનુસાર સુવિધાઓ પ્રદાન કરી રહી છે. ઉપરોક્ત સૂચનામાં રજૂ કરેલા તમામ ઠરાવો પર 'રિમોટ ઈ-વોટિંગ' દ્વારા કંપનીના અધિનિયમ, ૨૦૧૩ અને તેના નિયમોની જોગવાઈઓ અનુસાર જરૂરી વિગતો અહીં નીચે મુજબ આપવામાં આવી છે :

૧	રિમોટ ઈ-વોટિંગના પ્રારંભની તારીખ અને સમય	શુક્રવાર, ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૨૧, સવારે ૯:૦૦ વાગે
૨	રિમોટ ઈ-વોટિંગના સમાપનની તારીખ અને સમય	સૌમવાર, ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧, સાંજે ૫:૦૦ વાગે
૩	રિમોટ ઈ-વોટિંગનો હક્ક નક્કી કરવા માટે ની કટ-ઓફ તારીખ	મંગળવારે, ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૧
૪	કંપની દ્વારા AGM ની નોટિસ મોકલાયા બાદ જે વ્યક્તિઓએ શેર હસ્તગત કર્યા હોય અને કંપનીના સભ્યો બન્યા હોય તેમજ કટ-ઓફ તારીખ સુધીમાં ડિપોઝિટરીસ દ્વારા જાળવવામાં આવતા સ્ટેટમેન્ટ ઓફ બેનિફિશ્યિલ ઓનર્સ/ કંપનીના સભ્યોના રજીસ્ટરમાં નામ ધરાવતા હોય તેવી વ્યક્તિ AGMની નોટિસમાં દર્શાવેલી પ્રક્રિયા પ્રમાણે રિમોટ ઈ-વોટિંગ દ્વારા તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકશે અને તે જ સભ્યો ટુ-વે વિડીયો સંગઠન ('વીસી') સુવિધા અથવા અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો ('ઓએવીએમ') દ્વારા AGM માં હાજરી આપી શકશે.	
૫	રિમોટ ઈ-વોટિંગ કરી શકાશે નહીં	સોમવાર, ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧, સાંજે ૫:૦૦ વાગ્યા પછી
૬	AGM ના ઠરાવો પર મત આપવાની કાર્યવાહી	બધા સભ્યોને જણાવવામા આવે છે કે સભા દરમિયાન ઇ-વોટિંગ સિસ્ટમની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે અને સભામાં ભાગ લેનારા સભ્યો, જેમણે રિમોટ ઇ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો નથી, તે સભા દરમિયાન તેમના અધિકારનો ઉપયોગ કરી શકશે. જે સભ્યો પહેલાથી જ રિમોટ ઇ-વોટિંગ દ્વારા મતદાન કરી ચૂક્યા છે તેઓ બેઠકમાં મતદાન કરવા માટે હકદાર રહેશે નહીં. જો કે, તેઓ બેઠકમાં ભાગ લેવા માટે લાયક રહેશે. રિમોટ ઇ-વોટિંગ અને એજીએમ ખાતે ઇ-વોટિંગ સંબંધિત વિગતો માટે, કૃપા કરીને એજીએમની સૂચનાનો સંદર્ભ લઇ શકે છે.
૭	ઇ-મેઇલ સરનામું અને બેંક વિગતોની નોંધણીની રીત	જે સભ્યોએ હજી સુધી તેમના ઇ-મેઇલ સરનામાં રજીસ્ટર કરાવ્યા નથી અને તેમની બેંક વિગતો અપડેટ કરી નથી તેમને AGM નોટિસ અને વાર્ષિક અહેવાલ ૨૦૨૦-૨૧ ઇલેક્ટ્રોનિક રીતે પ્રાપ્ત કરવા માટે નીચે જણાવેલ પ્રક્રિયાને અનુસરવા વિનંતી છે. ૧. ભૌતિક સ્થિતિમાં શેર ધરાવતા સભ્યો માટે : કૃપા કરીને જરૂરી વિગતો પૂરી પાડો જેમ કે શેરધારકનું નામ અને ફોલિયો નં., શેરધારકનું નામ ધરાવતા રદ થયેલ ચેકની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ અને PAN ની સ્વ-પ્રમાણિત નકલ સાથે સહી કરેલ વિનંતી પત્ર ઇ-મેઇલ દ્વારા cs@kintechrenewables.com પર અથવા સભ્યો નીચેની લિંકને અનુસરીને ફોર્મ ડાઉનલોડ કરી શકે છે અને એમસીએસ શેર ટ્રાન્સફર એજન્ટ લિમિટેડ (કંપનીના આરટીએ) ને સબમિટ કરી શકે છે. https://kintechrenewables.com/wp-content/uploads/2021/01/Updation-of-Information_Shareholders_KRL_Final.pdf ૨. ડીમેટ સ્થિતિમાં શેર ધરાવતા સભ્યો તેમના ડિપોઝિટરી સહભાગીઓને સંપર્ક કરીને તેમના ઈ-મેલના સરનામાંની નોંધણી કરાવી શકશે અને બેંક વિગતોમાં સુધારા કરી શકશે.
૮	રિમોટ ઈ-વોટિંગ સાથે સંકળાયેલ ફરિયાદોને ઉકેલવા માટે જવાબદાર વ્યક્તિની સંપર્કની વિગતો	સીડીએસએલના સત્તાવાર અધિકારીનું નામ - શ્રી રાકેશ દલવી, મેનેજર સરનામું - ૨૫મો માળ, એ વિંગ, મેરેથોન ફ્યુચરેક્સ, મફતલાલ મિલ્સ કમ્પાઉન્ડ, એન.એમ. જોશી માર્ગ, લોઅર પરેલ (ઇ), મુંબઈ-૪૦૦૦૧૩, ઇ-મેલ આઇ.ડી:helpdesk.evoting@cdslindia.com ફોન નંબર - ૦૨૨-૨૩૦૫૮૫૪૨ / ૪૩ અથવા ૦૨૨ - ૨૩૦૫૮૭૩૮

બોર્ડના આદેશ દ્વારા
કિન્ટેક રીન્યુએબલ્સ લિમિટેડ વતી,
હર્ષલ ગાંધી
કંપનીના સચિવ

સ્થળ : અમદાવાદ
તારીખ : ૦૨ સપ્ટેમ્બર, ૨૦૨૧